# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :SATURDAY** **National News**

### આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે અંદાજપત્રમાં પગારદાર વર્ગ, કૃષિ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો માટે અનેક જાહેરાતો કરી

2) નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરા પરની કરમુક્તિ મર્યાદા વધારીને 12 લાખ રૂપિયા કરવામાં આવીઃ આવકવેરાનાં નવા સ્લેબ જાહેર

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે અંદાજપત્ર 140 કરોડ ભારતીયોની અપેક્ષાઓને પૂર્ણ કરવાની સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે

4) નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે કેન્દ્રીય અંદાજપત્ર કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ તથા શહેરી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે

5) દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર અંતિમ તબક્કામાં

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BUDGET MAIN STORY-1

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે એનડીએ સરકારની ત્રીજી મુદતનું પ્રથમ સંપૂર્ણ અંદાજપત્ર રજૂ કર્યું હતું.

અંદાજપત્રમાં ખાસ કરીને મધ્યમ અને પગારદાર વર્ગ, કૃષિ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો તથા એકંદર અર્થતંત્રનાં વિકાસ માટે અનેક જાહેરાતો કરવામાં આવી છે.

લોકસભામાં અંદાજપત્ર રજૂ કરતા નાણા મંત્રીએ જાહેરાત કરી કે નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરાનાં સ્લેબ પ્રમાણે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ વેરો નહીં લાગે. 75 હજાર રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન ઉમેરતાં પગારદાર વ્યક્તિની કુલ 12 લાખ 75000 સુધીની વાર્ષિક આવક પર કોઇ ટેક્સ નહીં લાગે.

સુશ્રી સીતારમણે નવી કર પ્રણાલિ હેઠળ આવકવેરાનાં નવા સ્લેબ દાખલ કર્યા હતા, જે મુજબ ચાર લાખ રૂપિયાની આવક પર કોઇ ટેક્સ નહીં લાગે. ચાર લાખથી આઠ લાખ રૂપિયાની આવક પર પાંચ ટકા અને 24 લાખથી ઉપરની આવક પર મહત્તમ 30 ટકા લેખે ટેક્સ લાગશે. તેમણે કરમાળખા સુધારાને વિક્સિત ભારતનાં વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્વનો સુધારો ગણાવ્યો હતો. વરિષ્ઠ નાગરિકો માટે કર કપાત મર્યાદા 50 હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરવામાં આવી છે.

# BUDGET MAIN STORY-2

અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્ર માટે અનેક મહત્વની મહત્વની જાહેરાતો કરી છે. તેમણે કપાસ ઉત્પાદકતા રાષ્ટ્રીય મિશન, બિહારમાં મખાના બોર્ડ રચવાની અને કઠોળ ક્ષેત્રે આત્મનિર્ભરતા હાંસલ કરવા છ વર્ષનાં મિશનની પણ જાહેરાત કરી. આ ઉપરાંત, ઓછી ઉપજ ધરાવતા દેશનાં 100 જિલ્લામાં પ્રધાનમંત્રી ધન ધાન્ય યોજના શરૂ કરવામાં આવશે.

નાણા મંત્રીએ જણાવ્યું કે, કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ઋણ માટેની મર્યાદા ત્રણ લાખ રૂપિયાથી વધારીને પાંચ લાખ રૂપિયા કરવામાં આવશે. આસામના નામરૂપમાં યુરિયા પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે.

બજેટમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષનાં એકમો-MSME માટે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. સ્ટાર્ટ અપ માટે ક્રેડિટ ગેરન્ટી કવર 10 કરોડ રૂપિયાથી વધારીને 20 કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.

બજેટમાં આરોગ્ય ક્ષેત્ર પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આગામી ત્રણ વર્ષમાં દેશનાં તમામ જિલ્લાઓમાં કેન્સર કેન્દ્રો અને કેન્સરની સારવાર માટે ડે-કેર કેન્દ્રો સ્થાપવામાં આવશે. આ ઉપરાંત, જળ જીવન મિશનને 2028 સુધી લંબાવવાની, એક લાખ કરોડ રૂપિયાના ખર્ચ સાથે શહેરી પડકાર ભંડોળ સ્થાપવાની, કૌશલ્ય વિકાસ માટે રાષ્ટ્રીય કેન્દ્રો સ્થાપવાની અને મેડિકલ કોલેજોમાં 10,000 વધારાની બેઠકોની જાહેરાત કરવામાં આવી છે.

## BUDGET MAIN STORY-3

મહિલા સશક્તિકરણ માટે મહત્વની પહેલ કરતાં તેમણે જણાવ્યું કે, આગામી પાંચ વર્ષ માટે પ્રથમ વખતના ઉદ્યોગસાહસિક, અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓને 2 કરોડ રૂપિયા સુધીની ટર્મ લોન આપવામાં આવશે.

તેમણે જણાવ્યું કે તમામ સરકારી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે. તેમણે શાળાઓમાં 50 હજાર અટલ ટિકરિંગ લેબ સ્થાપિત કરવાની જાહેરાત પણ કરી હતી. ગિગ વર્કર્સ માટે ઇ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આનાંથી દેશનાં એક કરોડથી વધુ ગિગ વર્કર્સને સામાજિક સુરક્ષાનો લાભ મળશે.

ઉડાન યોજના હેઠળ આગામી 10 વર્ષમાં 120 વિમાન મથકોનું નિર્માણ કરવામાં આવશે. ભારતને વૈશ્વિક રમકડાં કેન્દ્ર બનાવવા માટે આગામી વર્ષમાં પગલાં લેવામાં આવશે.

નાણા મંત્રીએ ભારતીય ભાષા પુસ્તક સ્કીમ, AIમાં ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપવાની જાહેરાત પણ કરી હતી.

# PM BUDGET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે અંદાજપત્ર 140 કરોડ ભારતીયોની અપેક્ષાઓને પૂર્ણ કરવાની સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. શ્રી મોદીએ 12 લાખ રૂપિયા સુધીની આવક પર કરમુક્તિના નિર્ણયને મધ્યમવર્ગ માટે લાભદાયી ગણાવ્યો.

**બાઇટ: નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી (ON INCOME TAX)**

શ્રી મોદીએ કહ્યું કે આ અંદાજપત્ર દરેક ભારતીયોના સપનાઓને પૂર્ણ કરે છે. આ બજેટથી બચત, રોકાણ, વપરાશ અને વિકાસને પ્રોત્સાહન મળશે.

કૃષિક્ષેત્ર માટે અંદાજપત્રમાં કરવામાં આવેલી જાહેરતોને પ્રધાનમંત્રીએ આવકારી હતી.

**બાઇટ: નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી (ON FARMER)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SITHARAMAN - BUDGET

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે અંદાજપત્ર કૃષિ, ગ્રામીણ સમૃદ્ધિ, શહેરી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને સુધારાઓ પર ભાર મૂકે છે. નવી દિલ્હીમાં પત્રકારોને  સંબોધતા, નાણામંત્રીએ કહ્યું કે આ અંદાજપત્ર વિકસિત ભારત તરફના માર્ગને દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે છ સ્પષ્ટ સુધારાઓ ઓળખવામાં આવ્યા છે જેમાં સરકાર તેનો સુધારાત્મક એજન્ડા ચાલુ રાખશે.

નાણાંમંત્રીએ જણાવ્યું કે, નવું આવકવેરા બિલ આવતા અઠવાડિયે સંસદમાં રજૂ કરવામાં આવશે.

**(બાઈટ : નિર્મલા સીતારમણ)**

# NADDA- AMIT SHAH -BUDGET

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કેન્દ્રીય અંદાજપત્રને આવકારતા જણાવ્યું કે આ અંદાજપત્ર વિકસિત ભારતના નિર્માણની દિશામાં સરકારના દ્રષ્ટિકોણનો ઢાંચો છે. શ્રી શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે અંદાજપત્રમાં ખેડૂતો, ગરીબો, મધ્યમ વર્ગથી લઈને સ્ટાર્ટ-અપ્સ, નવીનતા અને રોકાણ સુધીના દરેક ક્ષેત્રને આવરી લેવામાં આવ્યા છે,

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ જણાવ્યું કે આ બજેટ 140 કરોડ ભારતીયોની આકાંક્ષાઓ અને સપનાઓને મૂર્તિમંત કરે છે, જે વિકસિત ભારતના વિઝનને પ્રકાશિત કરે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી નડ્ડાએ જણાવ્યું કે ચાર એન્જિન - કૃષિ, MSME, રોકાણ અને નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને, અંદાજપત્ર ગરીબ, યુવા, ખેડૂત અને નારીની આકાંક્ષાઓને આગળ ધપાવશે.

# CONGRESS REACTIONS

વિપક્ષના કેટલાક નેતાઓએ બજેટની ટીકા કરીને કહ્યું કે આ અંદાજપત્રમાં મધ્યમ વર્ગ અને યુવાઓ માટે કોઈ જાહેરાત નથી થઈ. મીડિયા સાથે વાત કરતાં કોંગ્રેસના સાંસદ શશી થરૂરે તેમની પ્રતિક્રિયા આપી..

**(બાઈટ : શશી થરૂર)**

# PARLIAMENT-ADJOURNED

બજેટ રજૂ થયા બાદ લોકસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. ગૃહની કાર્યવાહીની શરૂઆતમાં મહાકુંભની ઘટના અંગે વિરોધ કરી રહેલા કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને ડીએમકે સહિત કેટલાક વિપક્ષી સાંસદોએ ટૂંકા સમય માટે વોકઆઉટ કર્યું હતું. નાણાંમંત્રી દ્વારા રાજ્યસભામાં બજેટની પ્રતિ રજૂ કરાયા બાદ ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. બંને ગૃહની બેઠક હવે સોમવારે મળશે.

# DELHI CAMPAIGN

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં શ્રેણીબદ્ધ જાહેર રેલીઓને સંબોધતા, ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે આમઆદમી પાર્ટીના નેતા પર આરોપ લગાવ્યો કે તેઓ અણ્ણા હજારે આંદોલન દરમિયાન દિલ્હીના લોકોને ખોટું બોલ્યા હતા અને કહ્યું હતું કે તેઓ રાજકીય પક્ષ નહીં બનાવે.

દરમિયાન, આમઆદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે જાહેરસભાને સંબોધતા કહ્યું કે આપ સરકારે શહેરમાં શાળાઓ અને હોસ્પિટલોમાં સુધારો કર્યો છે અને દિલ્હીના લોકોને વીજળી અને પાણીનો પુરવઠો સુનિશ્ચિત કર્યો છે.

સદર બજારમાં એક જાહેરસભાને સંબોધતા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો કે દેશમાં બે વિચારધારાઓ વચ્ચે લડાઈ ચાલી રહી છે. શ્રી ગાંધીએ કહ્યું કે કોંગ્રેસ બંધારણને બચાવવા માટે લડી રહી છે.

# PREZ-BOOK-FAIR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે પુસ્તકો વાંચવા એ માત્ર શોખ જ નહીં પણ પરિવર્તનશીલ અનુભવ છે. આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળો 2025નું ઉદ્ઘાટન કરતા સુશ્રી મુર્મુએ આ મુજબ જણાવ્યું. તેમણે બાળકો માટે પુસ્તકોના નિર્માણ અને પ્રકાશનને વિશેષ મહત્વ આપવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે આ પુસ્તક મેળો ભારતની સાંસ્કૃતિક વિવિધતાની અદ્ભુત અભિવ્યક્તિ છે.

આ વર્ષના પુસ્તક મેળાની વિષય વસ્તુ ભારતની પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકે 75 વર્ષ પૂર્ણ કરવાની યાત્રાને પ્રતિબિંબિત કરે છે. આ મેળામાં રશિયાનો મુખ્ય દેશ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. નવ દિવસ સુધી ચાલનારા આ મેળામાં ફ્રાન્સ, આર્જેન્ટિના, સ્પેન, કોલંબિયા, અબુ ધાબી અને કતાર સહિત 50થી વધુ દેશો ભાગ લઈ રહ્યા છે. વિશ્વ પુસ્તક મેળામાં બે હજાર પ્રકાશકો અને એક હજાર વક્તાઓ પણ ભાગ લઈ રહ્યા છે.

# MAHAKUMBH - VP

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે પ્રયાગરાજ ખાતે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું હતું. શ્રી ધનખડે તેમનાં પરિવાર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે બડે હનુમાન મંદિર ખાતે પુજા કરી હતી.

પત્રકારો સાથેની વાતચીતમાં, શ્રી ધનખડે કુંભ મેળામાં કરવામાં આવેલી ઉત્તમ વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.